ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### સિંગવડ મામલતદાર ઓફિસ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો



સિંગવડ : સિંગવડ મામલતદાર ઓફિસ ખાતે દેવગઢબારિયા પ્રાંત અધિકારી હિતેશભાઇ ભગોરાના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો જેમાં સિંગવડ મામલતદાર ઓફિસ ખાતે સાત પ્રશ્નો હતા તેને શાંતિપૂર્ણ રીતે સાંભળવામાં આવ્યા હતા ત્યાર પછી આ સાતે સાત પ્રશ્નોના હકારાત્મક માં નિકાલ કરવામાં આવ્યો હતો જ્યારે સિંગવડ નગરમાં જે ગંદા ગટરના પાણીનો પ્રશ્ન હતો તેના માટે સિંગવડ તાલુકા પંચાયતના અધિકારીઓ ને આ ગંદા પાણી માટેની ગટર લાઈન બનાવવા જણાવ્યું હતું જ્યારે જ્યાં સુધી આ ગટર લાઇન નહીં બનાવે ત્યાં સુધી તે ગંદા પાણીનો વૈકલ્પિક નિકાલ કરવા માટે ની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું જ્યારે સ્વાગત કાર્યક્રમમાં દરેક ખાતાના લગતા અધિકારીઓ હાજર રહ્યા હતા

### પંચમહાલ જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થાઓમાં ચેરમેન-વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી



ગોધરા : પંચમહાલ જિલ્લાની ખેતીપ્રધાન અર્થવ્યવસ્થાના મહત્વના સ્તંભ સમાન અગ્રણી સહકારી સંસ્થાઓમાં ચેરમેન તથા વાઈસ ચેરમેનની ચૂંટણીઓ સંપૂર્ણ શાંતિ અને સુવ્યવસ્થા સાથે યોજાઈ હતી જેમાં તમામ હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી છે. ધી પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિમિટેડ, ગોધરાના ચેરમેન તરીકે ખુમાનસિંહ ચૌહાણ અને વાઈસ ચેરમેન તરીકે અશોકભાઈ પટેલની વરણી થઈ છે. તેવી જ રીતે, ધી કૃષ્ણ કો.ઓ. કોટન સેલ જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટી લિમિટેડમાં ચેરમેન તરીકે કિરીટસિંહ ઠાકોર તથા વાઈસ ચેરમેન તરીકે હરિશ્ચંદ્ર રાઠોડ ચૂંટાઈ આવ્યા છે. જિલ્લાના ખેડૂતોને ખાતર, બીજ, દવા તથા કપાસની ખરીદ-વેચાણ અને પ્રોસેસિંગની પાયાની સેવાઓ પૂરી પાડતી આ સંસ્થાઓમાં નવા નેતૃત્વના આગમનથી સહકારી ક્ષેત્રમાં નવી ઉર્જા અને નવો જુસ્સો જોવા મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ગોવિંદ ગુરુ લીમડી મામલતદારની અધ્યક્ષતામાં લીમડી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો



દાહોદ : દાહોદ જિલ્લાના વિવિધ તાલુકાઓ ખાતે આજે તાલુકા સ્વાગત કાર્યક્રમોમાં વર્ગ 1 ના અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો ગોવિંદ ગુરુ લીમડી મામલતદાર એસ બી પ્રજાપતિએ ગોવિંદ ગુરુ લીમડીની મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં 05 અરજદારોના પ્રશ્નો સાંભળ્યા હતા. આ પ્રશ્નોનો ગોવિંદ ગુરુ લીમડી મામલતદાર એસ બી પ્રજાપતિ દ્વારા સુખદ ઉકેલ લાવવામા આવ્યો હતો. ગોવિંદ ગુરુ લીમડી મામલતદાર એસ બી પ્રજાપતિએ અરજદારના પ્રશ્નોને સાંભળ્યા બાદ આ બાબતે સંબંધિત અધિકારીને જરૂરી સૂચનો આપ્યા હતા. અરજદારોના વિવિધ પ્રશ્નોનો સંતોષકારક નિવારણ મળતા તેમણે સરકારના સ્વાગત કાર્યક્રમ માટે સરકારને ધન્યવાદ પાઠવ્યા હતા. આ સ્વાગત કાર્યક્રમમાં તમામ ડીપાર્ટમેન્ટ ના અધિકારીશ્રીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા

### ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિ, હાલોલ દ્વારા ‘પ્રાકૃતિક કૃષિ તાલીમ અને પાક નિદર્શન’ કાર્યક્રમ



હાલોલ : ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે કુલપતિશ્રીના માર્ગદર્શન હેઠળ હાલોલ તાલુકાના ખેડૂતો માટે એક દિવસીય “પ્રાકૃતિક ખેતી પાક નિદર્શન તથા તાલીમ કાર્યક્રમ”નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પાવાગઢ વિસ્તાર ખેડૂત ઉત્પાદક સંઘ લી.ના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં અંદાજે ૨૫૬ જેટલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ધ્રુવભાઈ પંડયા, હિતેશ જોગરાજીયા, દિપેન રામાણી,યશ પંચાલ અને મહેન્દ્ર મેવાડા દ્વારા ખેડૂતોને યુનિવર્સિટીના ફાર્મ પર ફિલ્ડ વિઝિટ કરાવવામાં આવી હતી. જેમાં પંચસ્તરીય મોડેલ અને મિશ્ર પાક પદ્ધતિ આધારિત પ્રાકૃતિક ખેતીના જીવંત નિદર્શનો બતાવવામાં આવ્યા હતા. ખેડૂતોને વિવિધ પાકોના ગુણવત્તાયુક્ત બિયારણનું વિતરણ કરી વૈજ્ઞાનિક ઢબે વાવણી કરવાની પદ્ધતિ સમજાવવામાં આવી હતી.

આ રેલ દ્વારા ત્રણ જિલ્લા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યો જોડાશે

# દાહોદ જિલ્લાને આવનારા દિવસોમાં નવી રેલ લાઈન મળશે

**ત્રીજી** લાઈન જ્યારે બનશે ત્યારે દાહોદ થી રેલ કનેક્ટિવિટીમાં પ્રચંડ વધારો થશે તેમ જોવાઈ રહ્યું છે




(પ્રતિનિધિ) દાહોદ, તા.25
દાહોદ-બાસવાડા-નીમચ નવી રેલ લાઈનના સર્વે અને ડીપીઆર માટે રેલ મંત્રાલયની ફાઈનલ સર્વે માટે મંજૂરી મળી છે. આ રેલ લાઈન બનતા દાહોદ જિલ્લાને ઘણો મોટો લાભ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજ્યોને જોડશે, હાલમાં સર્વે નું કામ ચાલી રહ્યું છે

દાહોદ જિલ્લાને એક બાદ એ લાભ થતા જઈ રહ્યા છે ત્રણ જિલ્લાના ત્રીભેટે હોવાથી આ લાભ મળી રહ્યા અવધ દાહોદ ઈન્દોર રેલ પરિયોજના નું કામ હાલમાં ચાલી રહ્યું છે ત્યારે રેલ મંત્રાલય દ્વારા નંદુરબાર- દાહોદ બાસવાડા- નિમચ નવી રેલ લાઈન માટે ફાઈનલ સર્વે અને ડીપીઆર ડિટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા મંજૂરી આપી છે અત્યારે આ પ્રોજેક્ટ પ્લાનિંગ અને સર્વે સ્ટેજમાં છે આ રેલ પ્રોજેક્ટ બન્યા બાદ ઘણો મોટો લાભ ચાર રાજ્યના લોકોને થવાનો છે આ પ્રોજેક્ટનો પહોંચાડવી મુખ્ય હેતુ આદિવાસી અને પહાડી વિસ્તારમાં રેલ લાઈન પહોંચ તેમજ જ્યાં ટ્રેન નથી તેવા વાસવાડા જેવા રેલવે વગરના જિલ્લાને રેલવે નેટવર્ક સાથે જોડવું સ્થાનિક અર્થતંત્ર અને રોજગાર વધારવો કૃષિખનીજ અને ઉદ્યોગ માટે ટ્રાન્સપોર્ટ સરળ બનાવવું રાજસ્થાન અને ગુજરાતમાં પર્યટન વિકાસ થશે તેમ જ સ્થાનિક લોકો માટે રોજગારની તકો મોટી માત્રામાં ઊભી થશે.

### પંચમહાલ માટે વિકાસની નવી રેલ, ગોધરા-લુણાવાડા-મોડાસા રેલવે લાઇન સર્વેને મંજુરી



**કાલોલ** : પંચમહાલ લોકસભા વિસ્તારના સાંસદ રાજપાલસિંહ જાદવના અથાગ પ્રયાસોને અંતે સફળતા મળી છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા ગોધરા-લુણાવાડા-મોડાસા રેલવે લાઇનના સર્વે માટે સત્તાવાર મંજુરી આપવામાં આવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણયને લઈને સમગ્ર પંચમહાલ જિલ્લામાં ખુશીની લાગણી વ્યાપી છે.

## પંચમહાલ જિલ્લામાં નવા વાહનોનું ગેરકાયદેસર વેચાણ કરતા બે ડિસ્ટ્રિબ્યુટરો સામે કાર્યવાહી




(પ્રતિનિધિ) ગોધરા, તા.25
પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં આર.ટી.ઓ. વિભાગ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે જ્યાં ટ્રેડ સર્ટિફિકેટ વિના ગેરકાયદેસર રીતે નવા દ્વિચક્રી વાહનોનું વેચાણ કરતા બે મોટા ડિસ્ટ્રિબ્યુટરો સામે કડક દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે દાહોદની લક્ષ્મીનારાયણ ઓટોમોબાઈલ અને વડોદરાની જયદીપ હિરો નામની એજન્સીઓ ગોધરા ખાતે પોતાના આઉટલેટ દ્વારા હીરો મોટોકોર્પ કંપનીની નવી બાઈકોનું વેચાણ કરી રહી હતી, પરંતુ તેમની પાસે નિયમ મુજબનું અનિવાર્ય ટ્રેડ સર્ટિફિકેટ નહોતું. મોટર વાહન અધિનિયમ મુજબ કોઈપણ ડીલર કે ડિસ્ટ્રિબ્યુટર માટે જિલ્લા આર.ટી.ઓ. કચેરીમાંથી મંજૂરી મેળવવી ફરજિયાત છે જેનું અહીં સ્પષ્ટ ઉલ્લંઘન જોવા મળ્યું હતું.

આર.ટી.ઓ. અધિકારીઓએ બાતમીના આધારે સ્થળ પર દરોડા પાડી દસ્તાવેજોની ચકાસણી કરી હતી અને ગેરરીતિ સાબિત થતા બંને સંચાલકોને નોટિસ ફટકારી દંડ વસૂલવાની પ્રક્રિયા શરૂ કરી છે, સાથે જ જ્યાં સુધી જરૂરી મંજૂરી ન મળે ત્યાં સુધી નવા વાહનોનું વેચાણ તાત્કાલિક અસરથી બંધ કરાવી દેવામાં આવ્યું છે.

ફરીયાદી સામે કાર્યવાહી કરવાનો કોર્ટનો આદેશ

## છેડતી અને પોક્સોની ખોટી ફરિયાદમાં હાલોલ સેશન્સ કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો

**કાર્યવાહી** દરમિયાન ફરિયાદીની ઊલટ તપાસમાં અનેક વિસંગતતાઓ બહાર આવી

(પ્રતિનિધિ) કાલોલ, તા.25
ફરીયાદી યુવતીએ તા. 03/04/2023ના રોજ રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે તા. 30/03/2023ના રોજ સાંજે લગભગ 7 વાગ્યે ખેતરમાંથી પરત ફરતી વખતે આરોપીએ તેની એકલતાનો લાભ લઈ હાથ પકડી ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. યુવતીએ પોતાની ઉંમર બનાવ સમયે 17 વર્ષ 2 માસ હોવાનું જણાવ્યું હતું, જેના આધારે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. પરંતુ કેસની કાર્યવાહી દરમિયાન ફરિયાદીની ઊલટ તપાસમાં અનેક વિસંગતતાઓ બહાર આવી. પીડિતાએ સ્વીકાર્યું કે સારવાર દરમિયાન ડોક્ટર સમક્ષ છેડતી કે મારામારી અંગે કોઈ વિગતો આપી નહોતી. ઉપરાંત, ફરિયાદમાં દર્શાવેલી કેટલીક ગંભીર વિગતો જેમ કે ખેતરમાં ઘસડી જવાની વાત ફરિયાદમાં નોંધાયેલી નહોતી.

ઉંમર પુરાવા બાબતે પણ ફરિયાદ પક્ષ નિષ્ફળ રહ્યું. પીડિતાની જન્મ નોંધણી ઉપલબ્ધ ન હોવાનું તલાટી કમ મંત્રીએ સ્વીકાર્યું હતું અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ માત્ર ફોર્મના આધારે બનાવાયું હોવાનું શાળાના આચાર્યએ કબૂલ કર્યું. પરિણામે પીડિતાની ઉંમર 18 વર્ષથી ઓછી હોવાનું પુરવાર થઈ શક્યું નહોતું. આ ઉપરાંત, બંને પંચો ફરિયાદની હકીકતને સમર્થન આપતા ન હતા. ફરિયાદીની માતાએ પણ બનાવના દિવસે આરોપી સામે પોતે અલગ ફરિયાદ નોંધાવી હોવાનું કબૂલ્યું હતું. તપાસ દરમિયાન દુધ ઉત્પાદક મંડળી સંબંધિત જૂના વિવાદો, વ્યાવસાયિક અદાવત અને અગાઉથી ચાલતી ફરિયાદોની વિગતો પણ બહાર આવી હતી. બન્ને પક્ષોની દલીલો અને પુરાવાનો સુક્ષ્મ અભ્યાસ કર્યા બાદ એડિશનલ સેશન્સ જજ તથા સ્પેશિયલ પોક્સો જજ શ વી.એન. મપારાએ આરોપીને છેડતી તથા પોક્સો એક્ટના ગુનામાં નિર્દોષ જાહેર કરી છોડવાનો હુકમ કર્યો છે. સાથે જ ખોટી ફરિયાદ કરવા બદલ ફરીયાદી સામે IPC કલમ 211 હેઠળ કાર્યવાહી કરવા સ્પષ્ટ આદેશ કર્યો છે.

## ગોધરામાં વ્યાજખોરોના માનસિક ત્રાસથી કંટાળી યુવકે ઝેરી દવા પી કરી આત્મહત્યાની કોશિશ



(પ્રતિનિધિ) ગોધરા, તા.25
પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરામાં વ્યાજખોરોનો આતંક યથાવત હોય તેમ વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરની ભુરાવાવ વિસ્તારમાં આવેલી યોગેશ્વર સોસાયટીમાં રહેતા એક યુવકે વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો છે.

આ ઘટના પૂર્વે યુવકે સોશિયલ મીડિયા પર એક વિડિયો વાયરલ કર્યો હતો, જેમાં તેણે પોતાની આપવીતી જણાવી હતી. વાયરલ વિડિયોમાં યુવક જણાવે છે કે વર્ષ 2025માં તેની માતાની બીમારીના સારવાર માટે તેણે પોતાના મિત્ર શિવ જીતુભાઈ પારવાણી પાસેથી 1.26 લાખ વ્યાજે લીધા હતા. યુવકના દાવા મુજબ, તેણે અત્યાર સુધીમાં 3 લાખ ઓનલાઈન અને 2 લાખ રોકડા એમ મળીને કુલ 5 લાખ વ્યાજ પેટે ચૂકવી દીધા છે. યુવકે આક્ષેપ કર્યો છે કે આટલી મોટી રકમ ચૂકવ્યા બાદ પણ વ્યાજખોરો દ્વારા તેને સતત માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. વ્યાજખોર શિવ પારવાણી અને તેના સાથીદારો યુવક પાસે અસલ મૂડીની માંગણી કરી રહ્યા છે અને ધમકાવી રહ્યા છે કે જો તે પૈસા નહીં આપે તો તેના બેંક ઓફ બરોડાના આપેલા કોરા ચેકમાં મોટી રકમ ભરીને તેને જેલના સળિયા પાછળ ધકેલી દેશે. યુવકે વિડિયોમાં વધુમાં જણાવ્યું કે તેણે આ અંગે ગોધરા એ-ડિવિઝન પોલીસ સ્ટેશન અને 9 નંબરની ચોકી પર લેખિત અરજી અને નિવેદન આપ્યું હતું. જોકે, પોલીસમાં રજૂઆત કર્યા બાદ પણ વ્યાજખોરોનો ડર ઘટવાને બદલે વધ્યો હતો. યુવકના જણાવ્યા અનુસાર, શિવ પારવાણીએ તેને એલઆઈસી ઓફિસ પાસે બોલાવીને ધમકી આપી હતી કે તે આ ફરિયાદ પાછી ખેંચી લે, નહીંતર તેને ભયાનક પરિણામ ભોગવવા પડશે. નિરાશ થયેલા યુવકે આ આત્મઘાતી ડગલું ભરતા પહેલા વિડિયોમાં ત્રણ નામ જાહેર કર્યા હતા. જે બાદ તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

## ધાનપુરના મંડોર ગામે નાણાની ઉચાપત મામલે તા.પં.સભ્ય પદેથી હટાવાયા

(પ્રતિનિધિ) દાહોદ, તા.25
ધાનપુર તાલુકાના મંડોર ગામે સ્ટેશન ફળિયામાં વર્ષ ૨૦૨૩, ૨૪ ની એટીવિટી ગ્રાન્ટ હેઠળ એક લાખના ખર્ચે બોર મોટર અને હવાડા નું કામ મંજુર થયું હતું જો કે આ કામ માટે ચૂકવણાની દરખાસ્ત સાથે જે ફોટોગ્રાફસ રજૂ કર્યા હતા તેના પર અધિકારીઓને શંકા ગઈ હતી આ બાબતે જયારે સ્થળ તપાસ કરી ત્યારે અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા તપાસ દરમિયાન માલુમ પડયું હતું તે સ્થડ પર વાસ્તવમાં કોઈ પ્રકારનું નવું બોરવેલ હવાડા નું કામ કરવામાં આવ્યું જ નહોતું કૌભાંડને અંજામ આપવા માટે જુના ફોટા પાડી તેમાં એડિટિંગ દ્વારા બોર મોટર ઉમેરીને ખોટા ફોટા સરકારી ફાઈલ ઉપર ચડાવ્યા હતા એટલે કે કોમ્પ્યુટર દ્વારા ફોટામાં ફેરફાર કરી વિકાસ કામ થયું હોવાનો ભ્રમ ઉભો કરી સરકારી નાણા હડપવા નો ખેલ ખેલાયો હતો. અંતે ડીડીઓ નોંધ્યું હતું કે નાણાકીય ઉચાપતના હેતુથી હોદા નો દુરુપયોગ કરી કૌભાંડ આચારવાનો પ્રયાસ થયો હોવાનું સ્પષ્ટ ફલિત થાય છે તેથી તેમને તાત્કાલિક અસરથી તાલુકા સભ્ય પદેથી દૂર કરવામાં આવ્યા છે આ કિસ્સો બહાર આવતા જિલ્લામાં ચકચાર મચી છે.

## મલાવ ગામે થયેલા ઝઘડામાં ચાર ઈસમો સામે ફરિયાદ

કાલોલ : મલાવ ના લાલાભાઈ પુંજાભાઈ બારિયાની ફરિયાદ મુજબ તેઓના ભત્રીજા આશિષકુમારને પરા ફળિયાના માણશો સાથે મલાવ ગેટ પાસે ઝગડો તકરાર થયેલ છે જેથી તેઓ ત્યાં જતા હતા ત્યારે ગ્રામ પંચાયત પાસે ચાર ઈસમો લાકડાના દંડા અને લોખંડની પાઈપ સાથે મળ્યા અને તેઓને ઊભા રાખી વિપુલભાઈએ ગંદી ગાળો બોલી રાકેશ ઉર્ફે ચકો તથા વિજયભાઈ ઓડ અને કિશનભાઇ પરમારે નીચે પાડી દઈ ગડદા પાટુનો માર માર્યો વિપુલભાઈએ લાકડાના દંડા વડે તેઓને પગના ભાગે મારી દીધેલ જેથી બુમાબુમ થતા લોકો દોડી આવ્યા હતા જેથી ચારેવ ઈસમો જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

## સંજેલી પંચાયતમાં કૌભાંડ: DDOને રજૂઆત બાદ આરોગ્ય અધિકારી તપાસમાં જોતરાયા

**સર્વે નંબર** 141માં માલિકીની જમીનમાં બારોબાર આકારણી કાઢી રેકર્ડ સાથે ચેડાના પંચાયતના રેકર્ડ પર પુરાવા જ નથી



(પ્રતિનિધિ) ગોધરા, તા.25
સંજેલી ગ્રુપ ગ્રામ પંચાયતમાં અંધેરી નગરી અને ગંડુ રાજા જેવો માહોલ સર્જાયો. સ્થાનિક પ્રશાસન મસ્ત નગરની પ્રજા ત્રસ્ત હેરાન થયેલા જાગૃત નાગરિકે પુરાવા સાથે DDO ના દ્વાર ખખડાવી તલાટીએ પૈસા લેવડ દેવડનો લાંચકાંડના પુરાવા સાથે રજૂઆત કરતા સંજેલી તલાટીમાં દોડધામ મચી. તલાટી દ્વારા સરકારી રેકર્ડ સાથે ગંભીર ચેડા કરી આર્થિક ગેરરીતિ આચરવામાં આવી હોવાનો સનસનીખેજ મામલો સામે આવ્યો છે. અરજદાર પાસેથી મકાન નામે કરવા માટે ૨૦,૦૦૦ની લાંચ માંગવા અંગેના ઓડિયો, વીડિયો અને સોશ્યલ મિડિયા પરની ચેટ વાયરલ થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તમામ પુરાવા હોવા છતાં કાર્યવાહીમાં કેમ વિલંબ? કાર્યવાહી ના થાય તો લોકોનો તંત્ર પરથી વિશ્વાસ ઉઠી જશે. ઉચ્ચ કક્ષાએ DDO ને જાગૃત નાગરિક દ્વારા કૌભાંડની રજૂઆત કરતા આરોગ્ય અધિકારી દ્વારા અરજદાર પાસેથી તમામ પુરાવા એકઠા કરી તપાસ નો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો. તલાટીએ કાગળ પર ઘોડાદોડાવી પૈસા લેવડદેવડ કરતા તલાટીને ઘી કેળા અરજદારે ઉચ્ચ કક્ષાએ પુરાવા રજૂ કરી તપાસની માંગ સાથે બાયો ચડાવી છે.

ત્રણેક વર્ષ અગાઉ દાહોદમાં રસ્તા પહોળા કરવા દબાણો દૂર કરવાના ઝૂંબેશમાં ભોગ બનેલો વેપારી

## મેગા ડિમોલિશનનો ભોગ બનેલા વેપારીઓને પુનઃ વૈકલ્પિક વ્યવસ્થા કરવા ચીફ ઓફિસર તેમજ ધારાસભ્યને રજૂઆત



(પ્રતિનિધિ) દાહોદ, તા.25
દાહોદ શહેરમાં રસ્તા પહોળા તેમજ ગેરકાયદેસર દબાણો દૂર કરવાના હેતુસર સ્માર્ટ સિટી અંતર્ગત ત્રણેક વર્ષ પહેલા મેગ ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં મોટાભાગે દાહોદ શહેરના સ્ટેશન રોડ વિસ્તારના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. જેમાં વર્ષોથી વેપાર ધંધો કરતા લોકોના રોજગાર ધંધા વિહોણા બનાવી દેવામાં આવ્યા રોજી રોટી પર બુલડોઝર ફેરવી ધંધા રોજગાર વિહોણા કર્યા હતા. આવા ધંધા રોજગાર વિહોણા વેપારીઓએ પુનઃ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા દાહોદ નગરપાલિકા તંત્રને ફરીવાર રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે. સ્માર્ટ સીટી અંતર્ગત દાહોદ શહેરમાં તંત્ર દ્વારા જે તે સમયે મેગા ડિમોલિશનની કામગીરી મા ઘંઘા રોજગાર વિહોણા બનેલા કેટલાક વેપારીઓ તો આર્થિક સગવડતાના અભાવે ગામડામાં ફેરી કરતા થઈ ગયા છે. જ્યારે કેટલાક હાથ લારીમાં યા ફૂટપાથ પર સામાન ગોઠવી ધંધો કરી રહ્યા છે. જે તે સમયે પાલિકા તંત્ર, વહીવટી તંત્ર તેમજ રાજકીય પક્ષદ્વારા મેગા ડિમોલિશનનો ભોગ બનેલ વેપારીઓને ધંધા રોજગાર માટે વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવામાં આવશે તેવા આશ્વાસનો પણ પણ આપવામાં આવ્યા હતા. તે વાતને ત્રણ વર્ષ જેવો સમય થઈ ગયો ત્યાર બાદ આ કામગીરીમાં રસ્તા પહોળા કરવાની કામગીરી અંતર્ગત દાહોદ શહેરના ગોધરા રોડથી લઈ શહેરના ૨૪ કલાક ધંધા રોજગારથી ધમધમતા સ્ટેશન રોડ વિસ્તાર ખાતેના અને તે પણ વર્ષોથી ચાલતા વેપાર ધંધાઓ ઉપર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી ૩૦૦ થી વધુ દુકાનોને તોડી પાડતાં તે દુકાનોના દુકાનદારો તેમજ તેમની દુકાનમાં કામ કરતા કર્મચારીઓ ધંધા રોજગાર વિહોણા બની ગયા હતા.

તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી આ મેગા ડિમોલિશનની કામગીરી બાદ દાહોદ શહેરના વેપાર ધંધા પડી ભાગ્યા હોવાના આક્ષેપો પણ વેપારીઓ કરી રહ્યા છે.

સુરક્ષા, સુવિધા અને સ્વચ્છતા જાળવવા ‘સુરક્ષા સેતુ’ પર વિશેષ ભાર

## યાત્રાધામ પાવાગઢમાં વેપારીઓ સાથે પોલીસની મહત્વપૂર્ણ બેઠક



(પ્રતિનિધિ) હાલોલ, તા.25
પંચમહાલ જિલ્લાના યાત્રાધામ પાવાગઢ ડુંગર પર ધંધો કરતા તમામ દુકાનદારો અને વેપારીઓ સાથે પાવાગઢ પોલીસ દ્વારા એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક પાવાગઢ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.બી. વોરાની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં યાત્રિકોની સુરક્ષા, સુવિધા અને સ્વચ્છતા જાળવવા અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન પી.આઈ. એ.બી. વોરાએ રાજ્ય સરકારના “સુરક્ષા સેતુ” અભિયાન અંતર્ગત પાવાગઢ વિસ્તારમાં શિસ્ત અને સ્વચ્છતા જાળવવા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે રાજ્યભર તેમજ દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં આવતા યાત્રિકોને કોઈપણ પ્રકારની હેરાનગતિ કે મુશ્કેલી ન પડે તે માટે વેપારીઓ અને દુકાનદારોની જવાબદારી મહત્વપૂર્ણ છે. પોલીસ દ્વારા વેપારીઓને યાત્રિકો સાથે સન્માનપૂર્ણ અને સારો વ્યવહાર રાખવા, ગેરવર્તણૂક ન કરવા તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બને તો તાત્કાલિક પોલીસને જાણ કરવા સૂચના આપવામાં આવી હતી.